Vraj Vihar

વેચાણ દસ્તાવેજ

નામ :-	
ફ્લેટ નં.	
દસ્તાવેજ નં.	

TUSHAR JOSHI

a property document consultant,
MO. NO. 7575002423

GAJANAN ENTERPRISE
[illegible]
PARTNER

વેચાણ દસ્તાવેજ

"VRAJ VIHAR", એ નામની યોજનામાં ટાવર નં. ....
ના .... માળે આવેલ ફ્લેટ નં. .... નો વેચાણ દસ્તાવેજ
રૂ. ..../- અંકે રૂપીયા ....પુરાનો

આજરોજ તારીખ ..../......./૨૦૧૭ રોજ અમો:-

વેચાણ દસ્તાવેજ લખી આપનાર/જમીન માલિક/ડેવલોપર્સ/એકતરફવાળા

M/S. 'ગજાનન એન્ટરપ્રાઇઝ' એ નામની ભાગીદારી પેઢી તર્ફે અને વતી તેના વહીવટ કર્તા ભાગીદાર શેખલીયા અજયભાઈ બટુકભાઈ, ઉ.વ. ૨૪, ધંધો-વેપાર, **(PAN NO. AAPFG 8663 A) રહે:-** એમ/૧૦૩ આરૂણી રેસીડેંન્સી, બાંન્કો કંપની સામે, પાદરા મેઈન રોડ, બીલ, વડોદરા, (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી આપનાર/જમીન માલીક/ ડેવલોપર્સ એ રીતે સંબોધવામાં આવશે. જેના અર્થમા લખી આપનારાઓ પોતે જાતે તથા તેમના વંશ, વારસો, સક્સેસરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટર્સ, એડ્મીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.) તે એકતરફવાળા

વેચાણ દસ્તાવેજ લખી લેનાર/મિલ્કત વેચાણ રાખનાર/બીજીતરફવાળા

(૧) ...., ઉ.વ. ...., ધંધો-.........., (PAN NO. ....)
રહે:- ...., (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી લેનાર/મિલ્કત વેચાણ રાખનાર એ રીતે સંબોધવામાં આવશે. જેના અર્થમા લખી આપનારાઓ/બીજીતરફવાળા તથા પોતે જાતે તથા તેમના વંશ, વારસો, સક્સેસરો, એસાઈનીઓ, એક્ઝીક્યુટર્સ, એડ્મીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.) તે બીજીતરફવાળા

1. સદર વેચાણ દસ્તાવેજ અમો લખી આપનારા/જમીન માલીક એટલે કે એકતરફવાળા તમો લખી લેનાર/મિલ્કત વેચાણ રાખનાર એટલે કે બીજીતરફવાળાને અમારી રાજી

GAJANAN ENTERPRISE
શેખલીયા અજયભાઈ બી.
PARTNER

ખુશીથી લખી આપીએ છીએ કે:- રજી. ડીસ્ટ્રીક્ટ વડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ વડોદરા ના મોજે-બીલ ની સીમના ખાતા નં. ૨૯૯, બ્લોક નં. ૪૦૬, (જુના રે. સર્વે નં. ૫૫૦) વાળી બીનખેતીની જમીન છે. જેનુ ૭/૧૨ ના ઉતારા મુજબનુ ક્ષેત્રફળ ૦-૩૩-૩૯-હે-આરે-ચો.મી એટલે કે ૩,૩૩૯ ચો.મી. જમીન છે. જેનો ટી.પી.સ્કીમ નં. ૧ મા સમાવેશ થતા ફાઇનલ પ્લોટ નં. ૪૬ પડેલો છે. તે ફા. પ્લોટ નં. ૪૬, મુજબનુ માપ ૨૫૬૫ ચો.મી. છે. જેનુ વીગતવાર વર્ણન આ સાથેના પરીશીષ્ટમાં સામેલ છે. તે જમીન અમો એકતરફવાળની માલીકી, કબજા-ભોગવાટાની છે.

૨. સદર જમીનનો બીનખેતીના વાણીજ્ય અને રહેણાંક્ના હેતુ માટે વાપર, ઉપયોગ કરવા માટે મેં. કલેક્ટશ્રી, વડોદરાનાએ તેઓના હુકમ નં. એન.એ./એસ.આર/૭૯/૨૦૧૬-૨૦૧૭ નં જમીન/ડી/કલમ-૬૫/વશી/૯૦૩૧ થી ૯૦૩૮/૧૬ તારીખ ૩૦/૧૧/૨૦૧૬ થી પરવાનગી મેળવેલ. ત્યારબાદ સદરહુ જમીનમાં બાંધકામ કરવા માટે જરૂરી તેવી બાંધકામ કરવા માટે વડોદરા શહેરી વિકાસ સતામંળ તરફથી જરૂરી બાંધકામની વિકાસ પરવાનગી તા ૩૦/૦૧/૨૦૧૭ ના રોજ વિકાસ પરવાનગી નં યુડીએ/પ્લાન-૪/પરવાનગી/૧૧/૨૦૧૫ થી આપવામાં આવેલ છે. અને તે આધારે સદરહુ પરીશીષ્ટવાળી જમીનમા અમો બીજીતરફવાળાએ 'VRAJ VIHAR' એ નામની વાણીજ્ય તથા રહેણાક યોજનાનુ અયોજન કરેલ છે. તે એ નામની યોજનાના ટાવર નં. ...... ના .... માળે ફ્લેટ નં. .... આવેલ છે. જેનુ વર્ણન આ સાથેના પરિશીષ્ટમા સામેલ છે. તે ફ્લેટ નં. .... વાળી મિલ્કત તમો બીજીતરફવાળાને રૂ. ..../- અંકે રૂપીયા .... પુરામાં સદર વેચાણ દસ્તાવેજથી કાયમના માટે વેચાણ આપેલ છે અને તેનો જેની અવેજ ની વિગત નીચે મુજબ છે.

રૂ. ..../-	તા. .... ૨૦૧૭ ના રોજ ....બેંક ના ચેક નંબર............ થી મળી ગયેલ છે.
રૂ. .,................................/-	તા. .... ૨૦૧૭ ના રોજ ....બેંક ના ચેક નંબર............ થી મળી ગયેલ છે.

કુલ રૂ.

૩. આમ અમો લખી આપનાર/એકતરફવાળાને તમો બીજીતરફવાળા પાસેથી ઉપર જણાવ્યા પ્રમાણે વેચાણનો અવેજ મળી ગયેલો છે. અને સદરહુ મિલ્કતના વેચાણ અવેજ પેટે અમો એકતરફવાળાઓએ હવે પછી બીજી કોઈ રકમ તમો બીજીતરફવાળા પાસેથી લેવાની રહેતી નથી કે માંગવાની રહેતી નથી. ઉપર પ્રમાણે ચુકવેલ અવેજના

GAJANAN ENTERPRISE
PARTNER

બદલામાં ઉપરોક્ત ફ્લેટ નં. ...... નો પ્રત્યક્ષ કબજો તમો બીજીતરફવાળાને આજરોજ સોંપેલ છે. જે તમો બીજીતરફવાળાએ સંભાળી પણ લીધેલો છે. સદરહુ પરીશીષ્ટવાળી મિલ્કત હાલ અધુરા બાંધકામવાળી છે અને સદરહુ મિલ્કતનુ બાંધકામ લખી લેનાર બીજીતરફવાળાએ હાલના દસ્તાવેજમાં એકતરફવાળા પાસેથી જ પુરુ કરાવવાનુ છે તેવી સ્પષ્ટ શરત સાથે હાલનો વેચાણ દસ્તાવેજ કરેલો છે.

4. સદરહુ સમગ્ર જમીન યોજના કે જે "VRAJ VIHAR" ના નામથી ઓળખાશે અને તે નામમાં કોઈ પણ પ્રકારે ફેરફાર કરવા-કરાવવા કોઈને હક્ક અને અધીકાર નથી. અને સદર લેખ અંન્વયે વેચાણ આપેલ મિલ્કતને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો સથેની, તેમા જવા-આવવાના રસ્તા-પાણીના નીકાલના તથા ટેલીફોન, લાઈટ, ડ્રેનેજ, વિગેરેના કનેક્શનો લાવવા-લઈ જવાના સર્વે પ્રકારના સુખાધિકારી હક્કો. યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામ ના દાવે અઘાટ વેચાણ આપી છે. તેથી સદરહુ મિલકતના આજથી તમો તથા તમારા વંશ, વાલી વારસો સર્વે સ્વતંત્ર માલિક થયા છો. અને તેનો માલીકી હક્કે વાપર, ઉપયોગ, ઉપભોગ, કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષિસ કરવા તમો તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતંત્ર માલિક થયા છો. અને આ મિલકત સાથે અમો કે અમારા વંશ, વાલી, વારસોનો કોઇનો કોઇ પણ જાતનો ભાગ, લાગ, હક્ક, હીત, સંબંધ રહ્યો નથી. આ સાથેની મિલ્કત તમો બીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી કાયમને માટે વેચાણ આપેલ છે

5. સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલ્કતના માલીક તરીકે જરૂરી રેવન્યુ રેકર્ડ, સરકારી-અર્ધ સરકારી કચેરીઓ, મધ્ય ગુજરાત વીજ કું. લિ. વિગેરેમાં તમો લખી લેનારા સદર વેચાણ આપેલ મિલ્કત તમારા નામે નામફેર કરવા-કરાવવા હક્કદાર અને અધિકારી છો. તે અંગે અમો એકતરાફવાળા અમારી જરૂરી તમામ સહી-સંમતીઓ કરી આપીશું. વધુમાં તમો લખી લેનારોએ વીજળી બીલ, સર્વિસ ટેક્ષ, રેવન્યુ રેકર્ડમા નામફેર કરવાનો ખર્ચ, કોર્પો.ટેક્ષ વિગેરે નીયત દરો મુજબ જે કાંઈ ભરવાના છે તે ભરપાઈ કરવાની તમામ જવાબદારીઓ તમો લખી લેનારની રેહશે. સદર વેચાણ દસ્તાવેજનો સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઈ ફી, વિગેરેનો તમામ ખર્ચ તમો લખી લેનારાએ ભોગવેલો છે.

6. સદર યોજનાની જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી અંગે યુનીટ વેચાણ લેનારાઓ ભેગા મળી વિકાસ મંડળ કે એશોસીએશનની રચના કરે તો તેમા તમો વેચાણ લેનાર/બીજીતરફવાળાએ ફરજીયાત પણે સભાસદ થઈ તેના નીતી નીયમોનુ ફરજીયાત પાલન કરવાણુ છે અને વહીવટી ખર્ચ જેવો કે જાળવણી, સાચવણી, સફાઈ તથા નીભાવણી, કોમન લાઈટ બીલ, પાણીની મોટર પંપનો તથા સામુહીક

GAJANAN ENTERPRISE

શેખાવીયા સજ્જય જી.

PARTNER

વપરાશની તમામ ચીજ વસ્તુઓનો રીપેરીંગ ખર્ચ વિગેરે જેવા મેન્ટેનન્સ ચાર્જીસ અંગેની રકમ જરૂર પડે ત્યારે તે વરાડે પડતી આપવાની છે તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ તમો લખી લેનાર/બીજીતરફવાળાને લખી આપેલ છે.

7. સદરહૂ જમીનમા બાંધકામ અર્થે મંજુર થયેલ નક્શા કે જે વડોદરા મહાનગર સેવા સદને મંજુર કરેલા છે. તેમા દર્શાવ્યા મુજબ સામુહીક સુવિધાઓ જેવી કે કવર પર્કીંગ, કોમન પ્લોટ, ઇન્ટરનલ રોડ, કે ખુલ્લી જમીન કોઈ પાણ પ્રકારે અંગત માલીકી હક્કે માગ્યા સીવાય કાયમને માટે ખુલ્લી રાખવા તમો લખી લેનાર તથા અન્ય યુનીટ વેચાણ લેનારા સહ હીસ્સેદાર તરીકે બંધાયેલા રહેશે. અને સદર લેખથી સ્થળ સ્થીતી માપ પ્રમાણેની ફ્લેટ/દુકાનો પધ્ધતીવાળી "VRAJ VIHAR" નામની યોજના પૈકીની મિલ્કત તમોને વેચાણ આપેલ હોઈ યોજનાની ખુલ્લી જમીનમાં કે અન્ય કોઈ પણ બાંધકામમાં પોતાનો આગવો ભાગ જુદો પાડી શકશે નહી કે માલીકી માંગી શકશે નહી. અને તમો લખી લેનારા જો તમોને આથી વેચાણ આપેલ મિલ્કત અન્ય કોઈને વેચાણ આપોતો સદર આ લેખની તમામ શરતો માન્ય રખાવી તેને આધીન રહેવાની સ્પષ્ટતા સાથે જ વેચાણ આપી શકશો અને આપવાની રહેશે.

8. સદર યોજનાના આયોજકો દ્વારા જરૂરીયાત મુજબની સુવીધઓ માટે કરેલા/કરેલ/થનાર ફેરફારો યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ માન્ય રાખવાના રહેશે તે અંગે અન્ય કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓએ હાલમા કે ભવિષ્યમાં કોઈ પણ જાતનો વાંધો કે તકરાર કરવા-કરાવવાની રહેશે નહી. વધુમાં સદર યોજનાની ઉપર આવેલ અગાસીનો ફક્ત વાપર, ઉપયોગ, યોજનાના રહેણાક યુનીટ વેચાણ લેનારે જ એકબીજાને અડચણ-અટકાવ ન પડે કે તકરાર ન થાય તે રીતે સહીયારો કરવાનો રહેશે. પરંતુ સદર યોજનાની અગાસીમા વધારાના બાંધકામ કરવાની પરવાનગી મળે તો તેમા બાંધકામ કરવા-કરાવવા, ટાવર મુકવા, અથવાતો તે અન્ય કોઈ પણ પ્રકારના લેખ-લખાણોથી લખી આપવાસહ ના તમામ માલીકી હક્કો કાયમી ધોરણે અમો લખી આપનારાઓ પાસેજ અબાધિત રહેશે જે અંગે હાલમાં કે ભવિષ્યમાં યોજનાના કોઈ પણ યુનીટ ધારકોએ કે કોઈએ પણ વાંધો કે હેલો-હરકત તકરાર કરવાની રહેશે નહી કે સદર યોજનાની અગાસી પર કોઈ પણ યુનીટ વેચાણ લેનારાઓ ની અંગત માલીકી રહેશે નહી કે માંગી શકશે નહી. તેવી સ્પાષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

9. સદર વેચાણ આપેલ મિલ્કતની બહારના ભાગે કોઈ પણ સુધારા-વધારા કે ઓપનીંગમા (બારી-દરવાજા)મા ફેરફાર કરવાના નથી કે ડીપશેડમાં કોઈ દબાણ

GAJANAN ENTERPRISE
શેખલાયા સંજય જી.
PARTNER

કરવાનુ નથી કે પ્રોજેક્ટ કરેલ ગ્રીલ લગાડવાની નથી. તેમજ વેચાણ આપેલ યુનીટની દીવાલ, બારી, દરવાજા, વિગેરેની સ્થળ સ્થીતીમાં ફેરફાર કરવાનુ નથી કે કરી શકશે નહી તથા સ્લેબ ઉપર-નીચેના માલીકો સાથેની માલીકી અને દીવાલોની આજુબાજુના માલીકો સાથેની માલીકી સહીયારી રહેશે તેમજ તેનો નીભાવણી, મરામત, નવીન, બનાવવા અંગેનો ખર્ચ વિગેરે જેતે યુનીટ મલીકોએ જરૂર પડે ત્યારે વરાડે પડતો ભોગવવા નો રહેશે. સદર યોજનાના એલીવેશનમાં કોઈ પણ પ્રકારે ફેરફાર થાય કે આર.સી.સી સ્ટ્રક્ચરને કોઈ પણ જાતનુ નુક્શાન થાય તેવુ કૃત્ય કોઈએ પણ કરવાનુ નથી કે પેસેજમાં કોઈને અડચણ પડે તે રીતે માલ-સામાન કે અન્ય કોઈ પણ વસ્તુઓ મુકવાની રહેશે નહી. અને ફ્લેટ માલીકોએ ભારે માલ-સામાન કે વાયબ્રેશન કે અવાજનુ પ્રદુષણ થાય તેવી ભારે મશીનરી કે મોટર મુકવાની રહેશે નહી અને યોજનામા કોમન પાર્કીગ, પેસેજમા ગંદકી કરવી નહી કે કોઈને અડચણ થાય તેવુ કૃત્ય કોઈએ કરવાનુ નથી કે સરકારી કાયદા વીરૂધ્ધ કોઈ માલ-સામાન રાખવાનો નથી કે તેવો કોઈ ગુનાહીત કૃત્ય/ધંધો કરવાનો નથી તથા સળગી ઉઠે તેવો કોઈ સ્ફોટક પદાર્થ રખવાનો નથી કે તેવુ કૃત્ય કોઈ પણ યુનીટ વેચાણ લેનારે કરવાનુ નથી તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

10. સદરહુ જમીનમાં બાંધકામ અર્થે યોજના માટે મંજુર થયેલા નક્શમાં દર્શાવેલ/બનાવેલ સામુહીક પાર્કીગની જગ્યામા જ યોજનાના તમામ યુનીટ વેચાણ લેનારાઓએ ભેગામળી અનુકુળતા મુજબ પાર્કીગ માટે મળેલ જગ્યામા જ અન્ય કોઈ યુનીટ વેચાણ લેનારાને પાર્કીગ કરવામાં કે જવા-આવવામાં કોઈ અડચણ કે અટકાવ ન થાય તે રીતે પાર્કીગ કરવાનુ રહેશે અને યોજનામા આવેલ પાર્કીગમા ફક્ત રહેણાકના યુનીટ માલીકોએ પાર્કીગ કરવાનુ રહેશે. તેવી સ્પષ્ટતા અને સ્પષ્ટ શરત સાથે સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

11. સદર વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ આપેલી મિલ્કત એટલે કે આ સાથેના પરીશીષ્ટમાં વિગતે વર્ણવેલ મિલકત અમો લખી આપનારાઓની માલીકી અને કબજા ભોગવટાની છે અને તેમા અમો લખી આપનારાઓ સીવાય બીજા અન્ય કોઈ પણ જાતનો લાગ, ભાગ, હક્ક, હીત, હીસ્સો, સંબંધ નથી કે તે અન્ય કોઈ વ્યક્તી, પેઢીકે નાણા ધીરનાર બેંક, ફાયનાંન્સ કપંની, સંસ્થાને ગીરો, વેચાણ, બક્ષીસ, બાનાખત યા અન્ય કોઈ પણ પ્રકારના લેખ-લખાણોથી લખી આપી નથી. સદર મિલ્કતના આપેલ ટાઈટલ ચોખ્ખા અને ક્લીયર માર્કેટેબલ છે. તેમજ તે વેચાણ આપવાનો અમોને સંપુર્ણ હક્ક અને અધિકાર છે. તેવો પાકો ભરોસો અને વીશ્વાસ

GAJANAN ENTERPRISE
શેખલીયા સંજય બી.
PARTNER

આપીને સદર પરીશીષ્ટમાં જણાવેલ વર્ણનવાળી મિલ્કત સદર વેચાણ દસ્તાવેજથી તમો લખી લેનાર/બીજીતરફવાળાને વેચાણ આપેલ છે.

-:પરીશીષ્ટ:-

-:વેચાણ આપેલ મિલ્કતનુ વર્ણન:-

રજી. ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે-બીલ ની સીમના ખાતા નં. ૨૯૯, બ્લોક નં. ૪૦૬, (જુના રે. સર્વે નં. ૫૫૦) વાળી બીનખેતીની જમીન છે. જેનુ ૭/૧૨ ના ઉતારા મુજબનુ ક્ષેત્રફળ ૦-૩૩-૩૯-હે-આરે-ચો.મી એટલે કે ૩,૩૩૯ ચો.મી. જમીન છે. જેનો ટી.પી.સ્કીમ નં. ૧ મા સમાવેશ થતા ફાઇનલ પ્લોટ નં. ૪૬ પડેલો છે. તે ફાઇનલ પ્લોટ નં. ૪૬ મુજબનુ માપ ૨૫૬૫ ચો.મી છે. તે જમીનમા "VRAJ VIHAR" નામની વાણીજ્ય તથા રહેણાંક યોજનાનુ આયોજન કરવામા આવેલ છે. તે યોજનાના ટાવર નં. .... ના .... માળે આવેલ ફ્લેટ નં .... વાળી મિલ્કત, જેનુ માપ .... ચો.મી. છે. તેને વરાડે પડતા રોડ-રસ્તા અને કોમન પ્લોટનુ માપ .... ચો.મી. છે. તે ફ્લેટ નં. .... વાળી મિલ્કત, તમો એકતરફવાળા તમો બીજીતરફવાળાને સદર વેચાણ દસ્તાવેજથી કાયમના માટે વેચાણ આપેલ છે.

બ્લોક/રે.સ.નં	ટી.પી. નં	એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	વરાડે પડતી એક્સ્ટ્રા જગ્યા
૪૦૬	૧	૪૬	....	....	....

ઉપર વર્ણવેલ મિલકતની ચતુ:સીમા નીચે મુજબ છે.

પૂર્વે ; ....

પશ્ચિમે ; ....

ઉતરે ; ....

દક્ષિણે ; ....

GAJANAN ENTERPRISE

PARTNER

<u>મિલ્કતનો ફોટોગ્રાફ</u>

બ્લોક/રે.સ.નં	ટી.પી. નં	એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	વરાડે પડતી એક્સ્ટ્રા જગ્યા
૪૦૬	૧	૪૬	....	....	....

GAJANAN ENTERPRISE
PARTNER

મિલ્કતનુ પોષ્ટલ સરનામુ: ફ્લેટ નં. .... માળ "VRAJ VIHAR"
બીલ, વડોદરા

---------------------------- ....

મિલ્કત વેચાણ આપનાર

મિલ્કત વેચાણ રાખનાર

બ્લોક/રે.સ.નં	ટી.પી. નં	એફ.પી.નં.	ફ્લેટ નં.	ક્ષેત્રફળ ચો.મી.	વરાડે પડતી એક્સ્ટ્રા જગ્યા
૪૦૬	૧	૪૬	.....	......	....

GAJANAN ENTERPRISE
શેખલીયા સંજય બી.
PARTNER

સદર વેચાણ દસ્તાવેજ અમો એકતરફવાળા અમારી રાજી-ખુશીથી વાંચી, સમજી, વિચારી, બીંનકેફ હાલતમાં વાકેફ થઈ અક્કલ હોશીયારીથી લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. જેના સાક્ષી પુરાવારૂપે નીચે અમારી પોતાની સહીઓ કરી આપેલ છે.

સ્થળ:- વડોદરા
તારીખ:-......./......./૨૦૧૭

'ગજાનન એન્ટરપ્રાઇઝ' એ નામની ભાગીદારી
પેઢી તર્ફે અને વતી તેના ભાગીદાર

સાક્ષીઓ ની સહી

૧..............................

૨..............................

....

(એકતરફવાળા/વેચાણ આપનાર)
શેખલીયા અજયભાઈ બટુકભાઈ

GAJANAN ENTERPRISE
શેખલીયા અજય ભા.
PARTNER